**N-11013/2/2021-HFA-I-UD(FTS-9110886)**
**Government of India**
**Ministry of Housing & Urban Affairs**
**(HFA-1 Section)**
*****

Nirman Bhawan, New Delhi
Dated: 7th July, 2021

To

The Principal Secretary/ Secretary (Housing/ Urban Development/ Local Government Department) in all States/ Union Territories.

**Subject:** Facilitating short film contest- '**Khushiyon Ka Aashiyana**' and Workshops/ Seminars on Housing – '**Awas Par Samvaad**' in States/ Union Territories - Reg;.

Madam/Sir,

Pradhan Mantri Awas Yojana-Urban [PMAY-U], being implemented by Ministry of Housing and Urban Affairs (MoHUA) has completed six years of its implementation on 25th June, 2021. The anniversary was celebrated across States/UTs through various campaigns. The flagship Mission has sanctioned 112 lakh houses; out of which, around 50 lakh are complete & delivered and the remaining are at various stages of construction.

2. On this momentous occasion Hon'ble Minister, Housing and Urban Affairs, launched two unique programmes- **'Khushiyon Ka Aashiyana'- Short Film Contest 2021** & **'Awas Par Samvaad'**. Both are being implemented on a challenge & competition mode and are a part of the many proposed mega events for '**Azadi ka Amrut Mahotsav**'. Brief details of these are:

**A. Khushiyon Ka Aashiyana- Short Film Contest 2021**

i. Short Films are invited from PMAY (U) Beneficiaries, students, youths, civil society organizations, institutions and individual/groups on broad theme of as to how six years of journey of PMAY-U Mission has impacted upon lives of people, though housing.

ii. The competition is open to all citizens/Indian Nationals above the age of 18 years (born on or before 1st July, 2003)

iii. The contest started from **1st** July, 2021 at 10:00 AM and the final date for submission is **15th** September, 2021 at 5:00 PM. The results will be declared on **30th** September, 2021

iv. Winners will be rewarded with a cash prize and certificate

**B. Awas Par Samvaad:**

i. Awas Par Samvaad aims to create awareness and propel 'Housing for All' as a universal theme amongst multiple stakeholders belonging to varied streams of learning and practices. e.g. engineering, urban community development, planning, finance, etc.

ii. This will be done through 75 workshops and seminars by educational institutions and Primary Lending Institutions country wide in association with States/UTs, from **1st** July to **30th** September 2021.

Contd…2/

iii. Registration for workshops started from **1st** to **20th** July 2021, Workshops can be conducted from **21st** July to **30th** September 2021

iv. The workshops can be OFFLINE- classroom model, adhering to all COIVD-19 safety protocols (WEBCAST compulsory) or ONLINE ONLY

v. MoHUA will issue certificate of participation to all participants.

3. In this regard to ensure smooth implementation of the above mentioned two programmes, States/UTs are requested to take the following activities:

**Khushiyon Ka Aashiyana- Short Film Contest 2021:**

i. State Level Nodal Agency (SLNA) to nominate Nodal Officer and ensure validation, moderation of entries and forward the same to MoHUA.

ii. Urban Local Body (ULB) Commissioner to nominate respective City Level Technical Cell (CLTC) specialists to liaison and facilitate all contestants who are making a film. Provide beneficiary details and accompany contestant for film shoot.

**Awas Par Samvaad**

i. SLNA to coordinate, approve and recommend the educational institutions for onward review and approval by MoHUA.

ii. SLNA & ULB to proactively contact educational institutions and PLIs to register on the PMAY (U) website: https://pmay-urban.gov.in/ to conduct workshops.

iii. ULB to nominate respective CLTC specialists to orient and train beneficiaries to articulate their experiences during the workshop.

iv. ULB and the respective CLTC specialists shall oversee the workshop proceedings and provide all necessary facilitation for the Institution.

v. SLNA to verify and upload reimbursement claim along with all event reports, photographs, videos, media coverage, and detailed list of participants in the PMAY (U) website.

4. In view of the above, I request you to kindly issue suitable directions to the concerned officials to take necessary actionin this regard. Detailed Standard Operating Procedures (SoPs) for both the programmes are enclosed for your reference. **In this connection, JS&MD(HFA) will hold a meeting with all States/ UTs through VC from 3 PM onwards on 12-07-2021. You are requested to attend the same along with State Mission Directors. Link for the VC will be shared separately.** Further, for any clarification or coordination, the following PMU specialist may be contacted:

1. Ms Lawanya Gotety, Lead Capacity Building, Mobile no. 80008554776
2. Dr. Khatibullah Sheikh, Lead Affordable Housing & Urban Specialist, Mobile No. 9990651900


Yours faithfully,

Encls : As above.


(Suvasish Das)
Director (HFA-1)
Tel- 23062279

Copy to: Mission Directors/Directors, State Level Nodal Agencies for PMAY-U in all States/ UTs.

# How to apply through PMAY(U) Mobile App



# How to apply through PMAY(U) Website



# Sample Speech

નોંધ:- sample Speech માં દાખલ કરેલ તમામ નામ તેમજ સરનામા, વ્યવસાય કાલ્પનિક છે

## ❖ <u>Dignity through PMAY (U) House</u>

હું ગાંધીનગર સરગાસણ, એરિયાનો એક વસાહત છું આજે મારે તમને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભ લીધેલ અમુક લાભાર્થીની મુલાકાત થકી સાબિત કરવું છે કે પોતાનું પાકું ઘર હોવું એ સમાજમાં કેટલું મહત્વનુ છે. હું આ એરિયામાં અંદાજીત ૧૦ વર્ષથી રહું છુ અને આ એરિયા તેમજ મારી આસપાસ ઘણા મધ્યમ તેમજ નિમ્ન મધ્યમવર્ગના લોકોથી વાકેફ છુ.

મને યાદ છે કે મારી આસપાસ રહેતા શ્રીમતી સંજનાબેન જેઓ આ વિસ્તારમાં રહેતા ઘણા રહીસોને ત્યાં ઘરકામ કરી પાકું મકાન ન ધરાવતા હતા, પરંતુ સરકારશ્રી દ્વારા અવારનવાર વર્તમાનપત્રો, રેડિયો તેમજ બેનર દ્વારા જાહેરાત થકી તેઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંગેની માહિતીએ મળી અને આજે તેઓએ આ યોજનાનો લાભ લઈ તેઓ પોતાના પરિવાર સાથે એક સુખદ તેમજ સન્માનિત જીંદગી જીવી રહ્યા છે.

**<u>લાભાર્થી :-</u>**

મારુ નામ સંજનાબેન છે પરિવાર પર છત હોવી એ આજના સમયના સૌથી મોટી જરૂરીયાત છે મારા પરિવારની છત પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા સફળ થઈ અને આજે હું સમાજમાં પ્રતિષ્ઠ નાગરિકો સામે સન્માન થી વાત કરી શકું છું મારા બાળકો તેમજ મારો પરિવાર પણ સન્માનિત જીંદગી જીવી રહ્યા છે તે બદલ હું આ યોજના સાથે જોડાયેલ તમામ તેમજ પ્રધાનમંત્રીશ્રીનો ખૂબખૂબ આભાર માનું છું.

જય હિન્દ જય ભારત......

- ## **Feeling of happiness, pride and self-esteem in owing a house**

ઘર આ શબ્દમાં જ એક પ્રતિષ્ઠા, સ્વાભિમાન, એક સ્વપ્ન છુપાયેલ છે. આ એક એવી જગ્યા જ્યાં માનવી પોતાના જીવનના તમામ સારા ખરાબ દિવસો પસાર કરે છે. એટલા માટે જ "પોતાનું ઘર" હોવું આ દરેક માનવીનું સ્વપ્ન હોય છે. જેને લોકો "ખુશીયો કા આસિયાના" પણ કહે છે.

એક માનવી પોતાનું આખું જીવન પોતાના પરિવારને સારી સુવિધાયુકત જીવનના નિર્માણ માટે વીતી જાય છે. જેમાં "પોતાનું ઘર" એક મહત્વનો ભાગ છે.

પરંતુ આજની ભાગદોડ અને ભીડભાડ વાળા જીવન તથા નાણાકીય અચ્છતને કારણે ઘણા માણસોનું આ સપનું માત્ર સપનું જ રહી જાય છે. ભારતભરમાં આજે ઘણા લોકો એવા જે જેમના માટે "પોતાનું ઘર" એક સપનાનું ઘર "એક ખુશીયો કા આસિયાના" જેવુ રહી જાય છે.

પરંતુ આપના વડાપ્રધાનશ્રી દ્વારા ભારતના કોઈ પણ નાગરિકનું "પોતાનું ઘર" નું સપનું માત્ર એક સપનું રહી ન તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી તેમજ ગ્રામીણ અમલમાં મૂકી છે. જેના દ્વારા ભારતના તમામ વર્ગના તમામ નાગરિકોને પોતાનું પાકું સુવિધા યુકત મકાન મળી રહે.

એક કહેવત પ્રમાણે " જે દેશના લોકોનું જીવન ધોરણ ઊંચું હોય તે દેશની ગણતરી દુનિયામાં પ્રગતિશીલ દેશોમાં થાય છે."

આ કહેવતને સાચી કરવા માટે આ યોજના થકી વડાપ્રધાનશ્રી દ્વારા તમામ વર્ગના લોકોને સુવિધાયુકત પાકું મકાન આપી તમામ વર્ગનું જીવન ધોરણ ઊચું લાવવાનો પ્રયત્ન કરેલ છે.

આ યોજના અંતર્ગત જે નાગરિક પોતાનું પાકું મકાન બનાવવા માંગે છે તેમણે નાણાંકીય સહાય આપવામાં આવે છે. જેના દ્વારા નાગરિકની નાણાકીય અછત દૂર થાય છે અને નાગરિક પોતાનું "ખુશીયો કા આસિયાના" નું સપનું પૂર કરે છે.

તમામ વર્ગના પોતાના ઘરનું સપનું પૂરું કરતી આ યોજના બદલ આપણાં વડાપ્રધાનશ્રી આભાર વ્યક્ત કરું છુ.

જય હિન્દ જય ભારત......

❖ ***Improved health and performances in education for children due to better living condition***

નમસ્તે ,

મારું નામ શિલ્પા જોશી છે અને હું એક ગૃહિણી છું. હું ઘર તથા પરિવાર સંભાળવાની સાથે ગરિબ બાળકો કે જે શાળા એ જઇ નથી શકતા તેવા બળકોને મારી ક્ષમતા અનુસાર ભણતર આપવાનાં પ્રયાસ કરું છું. મારા આ પ્રયાસ દરમિયાન મે આપણા દેશ ભારતમાં થતા વિકાસ માટે થતા કાર્યો જોયા ત્યારે મને ગર્વની સાથે એક સવાલ ઉદ્ભવે છે કે ભારત દેશનાં નાગરિકો કે જેની પાસે પાક્કું મકાન કે રહેવા લાયક મકાન નથી તેવાં પરિવારોનું તેમના બાળકોનું ભવિષ્ય શું? એક સર્વે અંતર્ગત અવું તારણ આવ્યુ છે કે ગરિબ તથાં રહેવાસ વિહોણા પરિવાર તથા તેમા રહેતા બાળકો ઉપર રહેવાસ ન હોવાને લીધે તેમની શારીરિક તથા માનસીક તબિયત ની સાથે તેમના ભણતર ઉપર પણ ખુબજ પ્રભાવ પડે છે. એક પ્રયોગ દરમીયાન એવું પણ સાબીત થયું છે કે એક તરુણ/તરુણી જો પાકકા ઘરમાં રહેતો તેમના શારીરિક વજનનો આંક (PM ) તથા તેમની ઊચાઇ જેમની પાસે પાકકુ મકાન નથી તેવા પરિવારનાં બાળકો કરતા સરેરાશ વધું હોય છે. તેજ રીતે જ્યારે પોતાનું એક પાકકુ મકાન થઇ જાય છે ત્યારે તે પરિવારનાં વડિલોને બાળકોને સુરક્ષા સમાન મકાન આપ્યા બાદ તેમના ભરણ-પોષણ તથા અભ્યાસ માટે વિચારી શકે છે કેમ કે જ્યારે ઘરની આર્થીક સ્થિતી નબળી હોય છે ત્યારે તે ઘરનાં બાળકો પણ ભણતરની જગ્યાએ ગણતરનો ઉપયોગ કરી પોતના પરિવારને આર્થીક રીતે મદદ કરતા હોય છે. પણ જ્યારે આપણાં માનનીય પ્રધાન મંત્રી શ્રી નરેંદ્ર મોદીજીએ ઘર વીહોણાને ઘર મળી રહે તથા ભારત દેશનાં ભવિષ્ય એવા તેમનાં બાળકો શારીરિક તથા માનસીક સબળ બની રહે તે માટે PMAY (પ્રધાન મંત્રી આવાસ યોજના) જાહેર કરી ત્યારે ઘણાં આવા પરિવારોને પોતાન ઘરનું સપનું પુરું થતા જણાયું તેમજ એ સપનું પુરું થઇ શકે તેવી આશા બંધાઇ.

આ પ્રેરણાં મળવાનું કારણ અમે અમારા નજરે જોયું તથા અનુભવ્યું કે જેને પહેલા રહેવા માટે કે રહેવા યોગ્ય ઘર ન હોતુ તેવા લાખો પરિવારજનોને હ્વે PMAY (પ્રધાન મંત્રી આવાસ યોજના) અંતર્ગત ઘરનું ઘર મળ્યું છે. જેને લીધે તેમના બાળકો ભણતરની પુરતી સગવળો તથા શારીરિક તેમજ માનસીક વિકાસ માટે જરુરી સુવિધાઓ તેમને મળી રહે છે. અને મારા મતે happi ness i ndex આવી ખુશીઓથી જ ઉચો આવેશે.

મને મારાં માનનીય પ્રધાનમંત્રી તથા તેમની આ અસરકારક અને લાભદાઇ યોજ્ના પર ગર્વ છે.

જય હિન્દ જય ભારત......

❖ **Greater sense of safety and security after owning all weather pucca house**

નમસ્કાર મિત્રો,

મારુ નામ અજય છે. અને હું રાજ્કોટ મા રહું છુ,

આજે હું તમને બધાને એક વાત કહેવા જઇ રહ્યો છુ, જે એક એવા ગરીબ પરિવાર ની છે, કે જેનુ એક સપનુ પુરુ થયુ છે પોતાના ઘરનુ.

આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેંદ્રભાઇ મોદીએ સૌ ને ઘર નુ ઘર મળી રહે તેવા ઉમદા હેતુ થી પ્રધાનમંત્રી આવાસ યોજના ની શરુઆત કરેલ જેમા ગ્રામીણ તેમજ શહેરી વિસ્તાર ના લોકો કે જેમની પાસે પોતાનુ મકાન નથી તેવા લોકો આ યોજના મા ભાગ લઇ પોતાનુ મકાન બનાવી શકે છે.

**“પોતાનુ મકાન”** આ શબ્દ જ એટલો વજનદાર છે, કે તેની અંદર પોતાની માલીકીપણું દર્શાઇ આવે છે. આપણી પોતાની કાંઇ વસ્તુ હોઇ, તો આપણે કોઇ ને આપીએ? અરે અડવા પણ નો દઇએ સાચુ ને!

પણ શું તમને કોઇ ને આ શબ્દની અંદર છુપાયેલુ દર્દ દેખાય છે? ના, સાહેબ એ આપણને નથી દેખાતુ કે નથી સમજાતુ કેમકે આનો મતલબ આનુ દર્દ એજ વ્યક્તિ સમજી સકે જેની પાસે પોતાનુ માકાન ન હોય

**પોતાનુ મકાન** એ આપમેળે જ આપણાં માનસમા એક ઉર્જા ભરી દે છે. આ મકાન જેમા હું રહુ છુ એ મારુ પોતાનુ છે એવુ કહેતા કેવો ગર્વ થાય છે, સોરી ના સાહેબ, મારુ પોતાનુ મકાન નહિ પણ મારુ પોતનુ ઘર! હાં ઘર કેમકે જ્યારે તેની ચાર દીવલો જ હોય ને ત્યારે તે માકાન છે કેમકે ખાલી છે. અને તૈયાર થઇ ગયા પછી આપણે તેમા રહેવા લાગીયે છીએ ત્યારે તે માકાન માંથી ઘર બની જાય છે. એક કહેવત છે ને કે “ઘર એજ મંદીર”

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઘણાં ગરીબ લોકોએ પોતાનું સપનુ “મારુ પોતાનું ઘર” પુરુ કર્યુ છે અને આવાજ અમુક પરિવારની મે મુલાકાત લીધેલ છે, એમાનો એક પરિવાર છે જેમના મોભી ખોડાભાઇ એ જણાવ્યુ કે, તે લોકો પહેલા એક નાની ઝુપડી બાંધીને રહેતા હતા ઝુપડી ઉપર ફાટેલુ પ્લાસ્ટીક ઢાંકેલુ હતુ તેમના માટે તો બધીજ ઋતુ એક સમાન હતી શું ચોમાસુ, શું શીયળો કે શું ઉનાળો કયાં દીવસ અને કેવી રાત વિતી જાય એતો એનુ મનજ જણતુ

બસ વધારે તો કાંઇ નઇ કવ પણ જ્યારે તે વ્યક્તિને પોતાનુ ઘર થઇ ગયુ ત્યારે તે પરિવાર એટલુ ખુશ હતુ કે જાણે તેને સ્વર્ગ મળી ગયુ હોય.

પાકુ મકાન મળવાથી દરેક પ્રકારે તેને શેફ્ટીનો અનુભવ થયો એરે! અનુભવ શું શેફ્ટી કોને કહેવાય એની તેને ત્યારે જ ખબર પડી. આજે એ પરિવાર એ પરિવાર જ શું કામ એવા લાખો પરિવાર આજે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પોતાનુ ઘર મેળવી ખુશ-ખુશાલ છે.

શેફ્ટી, સીક્યોરીટી અને ખાસ કરીને પોતાનું કોને કહેવાય એનો મર્મ એ લોકોને સમજયો છે.

આવા પરિવારોની વ્યથા અને ખુશી મારે તમારા સુધી પહોચાડવી હતી એ મે પહોચાડી આપી.

જય હિન્દ જય ભારત......

❖ **Topic : Improved social status in the society for PMAY(U) Beneficiaries.**

**લાભાર્થી :-**

ઘરમાલિકી એવી વસ્તુ છે જેનો આપણા માંના ઘણા લોકો સ્વપ્ન જુએ છે અને એવું જ મારુ અને મારા ઘરના સભ્યોનું સ્વપ્નું હતું કે પોતાનું "ખુશીયો કા આસિયાના" હોય, જેથી અમે લોકો અમારા સમાજ માં આગવી ઓળખ ઉભી કરી શકીએ.

પહેલા અમારી આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે ભાડાના કાચા મકાન માં રહેતા હતા. જેથી લોકો અમને નીચી નજરે જોતા હતા અને પ્રાથમિક સુવિધા પણ ઉપલબ્ધ નહોતી જેવી કે પાણી ,વીજળી,શૌચાલય, ગેસ. અમે ઘરમાં ચાર સભ્યો છે અને દીકરા-દીકરી ની ઉમર વધતા ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. સમય જતા સ્થિતિ માં સુધારો આવતા અમે કાચું મકાન વેચાણથી લઈને પાકું મકાન બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ લીધો.

અમે ઘર ના બધા જ સભ્યો આ ઘર માં રહ્યા બાદ સમુદાયની નજીકનો અનુભવ કરી શકીયે છીએ અને આસપાસ ના અને સગા સબંધી પણ અમારી સાથે વધુમાં વધુ જોડાવા લાગ્યા છે.અમે પણ વધુ માં વધુ લોકો સાથે સામેલ થઇ શકીયે છીએ.પરિણામે બ્રાહ્ય જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે.

પહેલા અમને કોઇને ઘરે બોલાવવા માં શરમ અનુભવાતી હતી કારણ કે કોઈ પ્રાથમિક સુવિધા નહોતી પરંતુ અત્યારે ગૌરવથી આમંત્રિત કરી શકીયે છીએ.જીવન શૈલી બદલવા માટે હું અને મારો પરિવાર સરકારશ્રી ના આભારી છીએ.

જય હિન્દ જય ભારત......

## ➢ A house of my Own- A Womans's Journey/Story/Experience

નમસ્કાર,

મારૂ નામ આરતી રાવલ. હું ગૃહિણી છું. મારી ઉંમર ૩૦ વર્ષ છે. મને ગર્વ છે કે ભારત દેશના ગુજરાત રાજ્યમાં રહું છું. આપણા ભારત દેશના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની હું ખુબ આભારી છું. જે દેશને તમારા જેવા વડાપ્રધાન મળે તે દેશના નાગરીકો પોતાની જાતને ધ્યનતા અનુભવતા હશે.

સાહેબ, તમારી અમારા જેવા મધ્યમ વર્ગને મદદ કરતી અઢળક યોજનાઓ મુકેલી છે. આપની જ એક પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી)માં મેં લાભ લીધો અને કોઇ પણ તકલીફનો સામનો કર્યા વગર મને મારૂ પોતાની માલીકીનું મારા સપનાનું ઘર મળ્યુ છે.

કહેવત છે ને કે, દુનિયાનો છેડો ઘર....ઘર છે તો બધુ છે....ઘર હશે તો ફક્ત કમાઇને પણ ગુજારો કરી શકાય અને જો ઘર ના હોય ને સાહેબ... તો હાથ પગ વગરના માનવી જેવો અનુભવ થાય છે.

સાહેબ, મારે પહેલા પોતાનું કહી શકાય તેવું ઘર હતુ જ નહી. કાચુ મકાન જર્જરીત હાલતમાં હોવાથી હું અને મારો પરીવાર ભાડે રહેતા હતા. અમારે વારે વારે ઘર બદલવાનું, મકાન માલીકના નક્કી કરેલા નિયમો મુજબ રહેવાનું, નોકરીના સ્થળથી ૫૦ કી.મી.ના અંતરે એ પણ ભાડાનું ઘર... એમા આપણે કહેવાઇયે તો " ભાડવાત" જ...જ્યારે છોકરા માટે માગા આવે ત્યારે પણ સાંભળવા મળે ઘર પોતાનું નથી.. સમાજવાળા કોઇ પ્રસંગમાં ગણે નહી. ગરીબ હોવાનો અનુભવ કરાવવામાં આવતો.બહુ તકલીફનો સામનો કરવો પડતો .. ત્યારે એમ થતુ કે આટ આટલી મોંઘવારીમાં પોતાનું ઘર બનાવવું કેમનું?? બહાર પ્રાઇવેટમાં ઘણી સ્કીમ જોઇ આશમાને ભાવ છે ઘરના મે તો આશા જ મુકી દિધેલી કે મારૂ પોતાની માલીકીનું ઘર બનશે કે નહી...???

પણ સાહેબ... આ નગરપાલીકા વાળા એ બધે જ બોર્ડ મારેલા એમાંથી મને આપની આ પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) વિશે જાણકારી મળી. ત્યારે મે પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) માં ફોર્મ ભરીને નિયમોનુસારની કાર્યવાહીથી મને આ મારૂ પોતાની માલીકીનું સપનાનું ઘર મળ્યુ છે. જ્યારે પોતાનું મકાન હોય ત્યારે " ઘર ના માલીક" કહેવાઇએ સમાજમાં પણ અલગ પ્રભાવ પડે છે.બાળકોના વિકાસ માટે એક સારૂ વાતાવરણ મળી રહે છે.પોતાના ઘરને

મન કરે એ રીતે સજાવટ કરી શકું છું. ઘરની બહાર પોતાના નામની પ્લેટ જોઇને સાહેબ બહુ ખુશી થાય છે. મારી 30 વર્ષની ઉંમરમાં હું પોતાનુ સપનાનું ઘર બનાવી શકી છું.

આપે આ યોજના બહાર પાડીને અમારા જેવા ગરીબો અને મધ્યમ વર્ગના લોકો પોતાના સપનાનું ઘર બનાવી શકે છે.રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી આ યોજનામાં જે સહાય મળી જેથી અમે અમારૂ પોતાની માલીકીનું ઘર લઇ શક્યા તે માટે દિલથી આપ સૌ નો આભાર માનું છું.

આપની પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) યોજનાની લાભાર્થી આરતી રાવલ.

જય ભારત, જય હિંદ.

## ❖ DIGNITY Through PMAY (U) Houses

"રોટી કપડા ઓર મકાન" આ ત્રણ દરેક વ્યકિત માટે પાયાની જરૂરિયાતો છે. દરેક વ્યકિતને મકાન મળી રહે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મૂકવામાં આવી.

દરેક વ્યકિત પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવા પોતાના કૌશલ્ય મુજબ ધંધો-નોકરી કરે છે. પોતાની આવકમાંથી વ્યકિત પાયાની જરૂરિયાતોમાં રોટી અને કપડાની વ્યવસ્થા પોતાના કુટુંબ માટે કરી શકે છે. પરંતુ પોતાનું મકાન વસાવવું/બનાવવું દરેક વ્યકિત માટે શકય હોતું નથી.

આજે હું આપને એક લાભાર્થી ની મુલાકાત કરવા જઈ રહ્યો છું જેમને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત પોતાનું ઘર મેળવી સમાજમાં-જ્ઞાતિમાં પોતાને બધાની સાથે સમકક્ષ-સમોવડી હોવાનો ગૌરવ અનુભવે છે.

**લાભાર્થી :-**

મારુ નામ જિનલબેન છે. આજના સમયના સૌથી મોટી જરૂરીયાત છે મારા પરિવાર માટે એક સ્વપ્ન નું ઘર  જેમાં હું અને મારૂ પરિવાર પોતાનું જીવન ની ખુશીયો વિતાવી શક્યે એટલેજ હું આને અમારું "એક ખુશીયો કા આસિયાના" નામ આપું છું જે સપનું પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા સફળ થયુ. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ઘર વસાવી વ્યકિત સમાજમાં પોતાનું કુટુંબ પોતાની માલિકીના ઘરમાં રહેતા હોવાનો અને પોતાના નામની "તકતી" ઘર બહાર લગાવીને અનેરો ગૌરવ અને આત્મવિશ્વાસ અનુભવે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) લોકોને ફકત ઘર જ નહિ પરંતુ જીવનની નવી ઉમંગ, આશાઓ અને કુટુંબીજનોના ચહેરા પર સંતોષ તેમજ અનેરુ સ્મિત પણ આપે છે.

તમામ વર્ગના પોતાના ઘરનું સપનું પૂરું કરતી આ યોજના બદલ આપણાં વડાપ્રધાનશ્રી નો આભાર વ્યક્ત કરું છુ.

જય હિન્દ જય ભારત......

- **<u>Theme: On Path to Self-reliance and rediscovering the pride of owing house.</u>**

આ દુનિયા માં અલગ અલગ પ્રકારના ઘણા લોકો વસે છે. એમાંથી કેટલાક લોકોને બધી જ સગવડ મળેલ હોય છે જયારે કેટલાક લોકોને પૂરતી મળેલ હોતી નથી. એમાં પણ ભારત જેવા દેશ માં કે જ્યાં મોટા ભાગ ની વસ્તી ગરીબી રેખા નીચે છે ત્યાં પોતાનું ઘર હોવું એ પણ વૈભવ ની વાત છે . જે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી યોજના થકી પૂર્ણ થઇ છે.

માલિકીનું ઘર ધરાવવું એ સિદ્ધિ અને આત્મવિશ્વાસ ની ભાવનાનું શબ્દો માં વર્ણ કરવું ઘણું મુશ્કેલ છે. વસવાટ ની જગ્યા ક્યાં આકાર અથવા કદ ની છે એ ધ્યાન માં લેતા પેહલા તે જગ્યાએ તમને કેટલી સલામતીની લાગણી અનુભવો છો એ મહત્વ નું છે, અને તે લાગણી માલિકીના ઘર માં મેળવી શકાઈ છે.

મૂળભૂત રીતે, ઘરને માલિકી આપવું એ શાંતિપૂર્ણ જીવન જીવવા માટેની આવશ્યકતા માનવામાં આવે છે. તેથી જ ભારત સરકાર નીચા અને મધ્યમ આવક જૂથોને આશ્રય આપવા માટે સતત પ્રયાસ કરી રહી છે. આ ઉપરાંત, તે ઘરની અને તેના પરિવારની માલિકીની વ્યક્તિને ગૌરવ, સ્થિરતા અને સલામતીની ભાવના આપે છે.

એક અંતિમ પાસું કે જેને નજરઅંદાજ કરી શકાતું નથી તે ગૌરવ છે જે તમે અનુભવો છો કે જ્યારે તમે તમારા પોતાના ઘરના માલિક છો . તમે તમારી જાતને સાબિત કર્યું છે કે તમે મહત્વપૂર્ણ લક્ષ્યો પ્રાપ્ત કરી શકો છો અને તમારા પરિવાર  જીવનમાં આગળ વધવા માટે જરૂરી સુરક્ષા આપી શકો છો .

જય હિન્દ જય ભારત......

## ❖ Improved Quality of Life through Better Facilities

નમ્સતે,

આજના આધુનિક વિશ્વમાં ભારત દેશને હજુ પણ વિકાસશીલ દેશોની સાથે ગણતરી કરવામાં આવે છે. ભારત દેશને વિકસિત બનાવવા માટે દેશન બધા જ નાગરિકોનું જીવન ધોરણ ઊંચું અને સારૂ હોવું જરૂરી છે.

કોઈ પણ માણસનું જીવન ધોરણ ઊંચું લાવવા માટે ઘણા બધા પરિબળો અસર કરે છે. જેમ કે સારું અને ઉચ્ચ શિક્ષણ, સ્વાસ્થયને લગતી સુવિધાઓ જેવી કે સારી હોસ્પિટલો, ટેકનોલોજી, સ્વચ્છતા, રહેવા માટે સારા મકાન વગેરે...

પરંતુ આજના ભારતમાં ઘણા-બધા માણસો એવા છે કે તેમને રહેવા માટે પોતાનું મકાન નથી. જયારે કોઈ સામાન્ય માણસ પોતાનું પાકું મકાન લેવા માટેના સપના જોવે છે ત્યારે તે સૌથી પહેલા નાણાકીય જરૂરિયાત પૂરી પાડવાના સ્ત્રોતોનો વિચાર કરે છે. જેમ કે, બેન્ક, અન્ય નાણાકીય સંસ્થા એ બધાના વિચાર કરી અને ત્યાના ધક્કા ખાવાથી ગભરાઈને પોતાનું સપનું પૂરૂ કરી શકતો નથી.

ત્યારે ભારત સરકારે બધા જ નાગરિકોનું જીવન ધોરણ ઊંચું લાવવા માટે "પ્રધાનમંત્રી આવાસ યોજના" અમલમાં મૂકી છે આ યોજના દ્વારા ગરીબ પરિવાર પોતાનું મકાન બનાવવા માટે સહાયતા મેળવે છે.

જેમ કે,

૧. ઝૂંપડપટ્ટી અને અસ્વચ્છ વિસ્તારમાં રહેતા માણસોને આ યોજના હેઠળ પાકુ અને સ્વચ્છતાપૂર્ણ મકાન આપવામાં આવે છે. જેને લીધે તેમના સ્વાસ્થયમાં સુધારો જોવા મળે છે.

૨. કોઈ વ્યક્તિ પાસે પોતાની જમીન પર પાકું બનાવવા માટે પાછા ન ભરવાની શરતે નાણાકીય સહાય પણ કરવામાં આવે છે. નાણાંનો બચાવ થાય છે.

૩. જો કોઈ વ્યક્તિ દ્વારા નવું પોતાનું મકાન લેવા માંગે છે તો આ યોજના હેઠળ બેન્ક દ્વારા મળતી લોનના વ્યાજમાં પણ સહાય આપવામાં આવે છે.

૪. આ યોજના હેઠળ સરકારશ્રી અને પ્રાઈવેટ ડેવલપર્સ સાથે મળીને નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી અત્યાધુનિક સુવિધાવાળા (સોલાર લાઇટ, પાકા રસ્તા, ૨૪ કલાક વીજળી, પાણી) તમામ વર્ગને પોસાય તેવી કિમતમાં આપવામાં આવે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના સુવિધાયુકત પાકા આવાસો આપી દરેક વર્ગના લોકોનું જીવન ધોરણ ઊંચું લાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહેલ છે. તેમના માટે હું સરકારશ્રી નો ખૂબ જ આભર માનુ છું.

જય હિન્દ જય ભારત......

- **Feeling of Happiness, pride and self-esteem on owning a home.**

**"સપનાનું ઘર"**

મારું નામ હિતેશભાઈ પરમાર છે. મને ગર્વ છે કે અમે ગુજરાત રાજ્યના કચ્છના રહેવાસી છીએ. મારા બા ને પ્રધાન મંત્રી આવાસ યોજના(PMAY )મા લાભ મળયો છે.મારા પિતાશ્રી એક ખેડુત છે.જેમની વાર્ષિક કમાણી અડતાલીસ હજર રૂપિયા છે.તે કુટુંબ માટે અને સારી આશ્રય માટે બહુ મહેનત કરતા હતા.કહેવાય છે ને કે પોતાના મલિકિનુ ઘર હોવું બહુ જ જરૂરી છે. ઘર છે તો બધું જ છે. અમારી પાસે જે મકાન હતું એમા આટલા બધા લોકો સમાઈ શક્તા નતા. પહેલા અમારે ઘરમા છત વિના એક જ ઓરડો હતો કોઈપણ પ્રકારના રસોડું, ફ્લોરિંગ, મકાનમાં બાથરૂમ પણ નતુ. તે સમયે અમે બધાને અલગ અલગ પ્રકારના રોગો થતા હતા જે અમને આસપાસના ખરાબ વાતાવરણને કારણે થયા હતા. કચ્છના ઘરોમાં નીચાણના સ્તરને કારણે પાણી ભરાવાની સમસ્યા થતી હતી. ચોમાસામાં. ઘરમાં બાથ્રૂમની સુવિધા નહોતી. તેથી અમારે એના માટે બહાર જવું પડતું હતું.ઘરમાં યોગ્ય વેન્ટિલેશન નહોતું.

પછી મને એક નવી યોજનાની ખબર પડી.PMAY નવા ઘર બનાવવા માટેની યોજના. આ નગરપાલીકા વાળા એ બધે જ બોર્ડ મારેલા એમાંથી મને આપની આ  પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) વિશે જાણકારી મળી. ત્યારે મે પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) માં ફોર્મ ભરીને નિયમોનુસારની કાર્યવાહીથી મને આ મારૂ પોતાની માલીકીનું સપનાનું ઘર મળ્યુ છે. જ્યારે પોતાનું મકાન હોય ત્યારે " ઘર ના માલીક"  કહેવાઇએ સમાજમાં પણ અલગ પ્રભાવ પડે છે.બાળકોના વિકાસ માટે એક સારૂ વાતાવરણ મળી રહે છે.પોતાના ઘરને મન કરે એ રીતે સજાવટ કરી શકું છું. ઘરની બહાર પોતાના નામની પ્લેટ જોઇને સાહેબ બહુ ખુશી થાય છે. એ યોજનામા અમે લોકોએ ફોર્મ ભર્યો અને મને બહુ ખુશી થાય છે કે. એમા નમ્બર લાગ્તા અમને આ યોજનાનો લાભ મળયો.નવું ઘર બનતા મારા માતા, પિતા અને ઘરના બધા સભસ્ય બહુ ખુશ છે.

અમારા બધાની જે નાના ઘરમા તક્લીફો હતી એ બધી દૂર થઈ ગઈ અને અમારા જે બધા સપનાઓ હતા એ બધા હકીકતમા બદલાઇ ગયા.અમારું નવું ઘર બહુ સારું અને વ્યવ્સ્થિત રીતે બનાવેલું છે.આ નવું ઘર જોઈને બધાને બહુ ખુશી થાય છે.નવું ઘર આપવા બદલ અમારા બધાના સપનાઓ પૂરા થયા એના બદલ અમે લોકો માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના, રાજ્ય સરકારના અને કેન્દ્ર સરકારના ખૂબ આભારી છીએ.

આપની પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) યોજનાનો લાભાર્થી હિતેશભાઈ પરમાર.

જય ભારત, જય હિંદ.